પાલનપુરમાં બેટી બચાવો બેટી પઢાવો માટે અનોખી પહેલ



ગાંધીનગર સમાચાર

# ગુજરાત યુનિની પરીક્ષાને પાછી ઠેલવી દેવાઈ

અમદાવાદ, તા.૫

અમદાવાદ મહાનગર પાલિકા સહીત સ્થાનીક સ્વરાજયની ચૂંટણીયો યોજાવાની છે. જેનાં કારણે ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં આયોજનમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નવા કાર્યક્રમ મુજબ ૧૮મી નવેમ્બરથી શરૂ થનારી પરીક્ષાઓ હવે પાંચમી ડિસેમ્બરથી શરૂ થશે. આ બીજી વખત યુનિવર્સિટીની પરીક્ષાનો કાર્યક્રમ પાછો ઠેલાવવામાં આવ્યો છે. દિવાળી બાદ ૧૮મી નવેમ્બરથી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો હતો. જેમાં બીએ, બી.કોમ, બીએસસી, સહીતની વિદ્યાશાખાઓની પરીક્ષાઓ લેવામાં આવનાર હતી. જો કે આજ સમયગાળામાં એટલે કે ૨૨ નવેમ્બરનાં દિવસે અમદાવાદ મહાનગર પાલીકાની ચૂંટણી યોજાવાની છે. તેમજ ત્યાર બાદ ૨૯ નવેમ્બરનાં રોજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી પ્રક્રિયા માટેની વ્યવસ્થા અમદાવાદ શહેરની વિવિધ કોલેજોમાં કરવામાં આવે તેવી પણ શક્યતા રહેલી છે. જેનાં કારણે વિદ્યાર્થીઓની પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવો પડે તેવી શક્યતા ઉભી થઈ હતી. જેનાં કારણે પરીક્ષામાં કાર્યક્રમ પાછો ઠેલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નવા કાર્યક્રમ મુજબ હવે ૧૮મી નવેમ્બરથી શરૂ થનારી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા હવે પાંચમી ડિસેમ્બરથી શરૂ થશે. કોલેજના આચાર્યોની કુલપતિ સાથે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ નવરાત્રી પહેલા લેવાનો નિર્ણય ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યો હતો. જોકે ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં વિલમનાં કારણે મોટાભાગની કોલેજોનું શૈક્ષણીક સત્ર મોડું શરૂ થવા પામ્યું છે. જેના પગલે મોટાભાગની કોલેજોમાં અભ્યાસક્રમ બાકી બાકી હોવાથી પરીક્ષા પાછી ઠેલવવા માટે કોલેજનાં આચાર્યો અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા માંગ કરવામાં આવી હતી. જેનાં પગલે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિએ પરીક્ષાનો કાર્યક્રમ એક મહીનો પાસી ઠેલવાની જાહેરાત કરી હતી. ચૂંટણીઓના કારણે પરીક્ષા ફરી એકવાર પાછી ઠેલવાની ફરજ પડી છે. જેનાં પગલે હવે ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓનો પ્રારંભ આગામી પાંચમી ડિસેમ્બરથી થશે.

# બનાસડેરીની ચૂંટણી છ અઠવાડિયામાં પૂર્ણ કરવા હાઈકોર્ટનો આદેશ

છેલ્લા કેટલાય સમયથી બનાસ ડેરીના સંચાલક મંડળની ચૂંટણી છેલ્લા કેટલાય સમયથી ખોરંભે પડી હતી. જો કે ડેરીમાં આ અંગે બે જૂથ દ્વારા અલગ અલગ પીટીશનો દાખલ કરાઈ હતી. બનાસડેરીમાં ભ્રષ્ટાચાર કરાયાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. આજે હાઈકોર્ટ દ્વારા બનાસડેરીની ચૂંટણી આવનારા ૬ સપ્તાહમાં પૂર્ણ કરવાનો આદેશ કર્યો છે. ત્યારે જેના પગલે બનાસકાંઠા જિલ્લાના સહકારી રાજકારણમાં ગરમાવો તેજ બનશે. હાલમાં જિલ્લામાં નગરપાલિકાની ચૂંટણીઓનો માહોલ પુરજોશમાં છે ત્યારે પાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણીનો ગરમાવો યથાવત રહેશે.

# પાલનપુરમાં બેટી બચાવો બેટી પઢાવો માટે અનોખી પહેલ

પાલનપુર, તા. ૫

કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર સમાજમાં બેટી બચાવો તેમજ બેટી પઢાવો માટે હજ્જારો પ્રયાસ હાથ ધર્યા છે. જો કે બનાસકાંઠા જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં એક નવો જ પ્રયાસ હાથ ધરાયો છે. જેમાં ચિત્ર પ્રદર્શન થકી જે કોઈ આવક આવે તેને બેટી બચાવો અભિયાનમાં આપવાનો પ્રયાસ કરાયો છે. આજે બનાસકાંઠા જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં બેટી બચાવો પ્રયાસને એક નવી દિશા આપવામાં આવી છે. જેમાં પોતાના શોખને જો કોઈ રાષ્ટ્રીય અભિયાનમાં જોડાવામાં આવે તો કેવી સફળતા મળે છે તે જોવા મળ્યું હતુ.



બનાસકાંઠા જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા તેમજ જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં આ પ્રદર્શનને ખુલ્લુ મુકાયું હતું. જેમાં પોલીસ વડાની ધર્મપત્ની દ્વારા જિલ્લામાં ચાલી રહેલા બેટી બચાવો બેટી વધાવોના પ્રયાસને વધુ વેગવંતો બનાવવા માટે પોતાના શોખને કાગળ પર ઉતારી આવનારી તમામ રકમને સરકારી સહયોગ રાશીમાં આપવાની વાત રજુ કરાઈ છે. જ્યારે પોલીસ વડા ચિરાગ કોરડીયાની પત્ની હર્ષા કોરડીયા દ્વારા આજે ૧૦૦થી વધુ પેન્ટિંગ રજુ કરાયા હતા તેમજ આ પ્રદર્શનમાં આજે અંદાજીત ૨ લાખની આવક પણ થવા પામી હતી. જેને સહયોગ રાશી તરીકે સરકારમાં જમા કરાવશે. જો કે આ પ્રદર્શનમાં અંદાજીત ૧૦ લાખથી વધુના પેન્ટિંગ રજુ કરાયા છે.

સમાજમાં સરકારી અધિકારીઓ કે અમલદારો જો પોતાના મોજશોખને પણ સમાજના હિત સાથે જોડવાનો પ્રયાસ કરે તો નક્કી સમાજ ઉદ્ગામી બની શકે જો કે પાલનપુરમાં યોજાયેલું આ પ્રદર્શન કેટલું સફળ રહે છે એ તો આગામી સમય જ બતાવશે.

## એક્ઝિટ પોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિસ્સેદારી અપાઈ રહી છે. જ્યારે મહાગઠબંધનના ખાતામાં ૪૨ ટકા હિસ્સેદારી રહી છે. ૨૦૧૦ વિધાનસભાની ચુંટણીની સરખામણીમાં ભાજપ ગઠબંધનની મત હિસ્સેદારી બે ટકા વધી છે. જ્યારે મહાગઠબંધનની હિસ્સેદારીમાં ૧૬ ટકાનો વધારો થયો છે. છેલ્લી ચુંટણીમાં એનડીએને ૩૯ ટકા અને આરજેડી ગઠબંધનને ૨૬ ટકા મળ મળ્યા હતા. ૨૦૧૦ ચુંટણીમાં ભાજપ ગઠબંધનને ૨૦૬ બેઠકો મળી હતી. જ્યારે આરજેડી ગઠબંધનને ૨૫ બેઠકો મળી હતી. એ વખતે નિતિશકુમાર ભાજપ ગઠબંધનમાં હતા. આ વખતે આરજેડીની સાથે છે. પાર્ટીવાર સીટોની વાત કરવામાં આવે તો ટાઈમ્સ નાઉ-ઈન્ડિયા ટીવી સીવોટરના એક્ઝિટ પોલમાં ભાજપને ૮૭-૯૫ બેઠક મળી રહી છે. જ્યારે એલજેપીને ૫-૯ બેઠક મળી રહી છે. જીતનરામ માંઝીની પાર્ટીને ૭-૧૧ બેઠક મળી શકે છે. બીજીબાજુ લાલુ યાદવની પાર્ટીને ૪૩-૫૧ બેઠક મળી શકે છે. જ્યારે જેડીયુને ૬૩-૭૧ બેઠક મળી શકે છે. કોંગ્રેસને ૬-૯ બેઠક મળી શકે છે. ભોજપુરમાં એનડીએને ૨૭-૩૧ સીટો મળી શકે છે. જ્યારે મહાગઠબંધનને ૧૯-૨૩ સીટ મળી શકે છે. એક્ઝિટ પોલના તારણોમાં ૩૫ હજારથી પણ વધુ લોકો સાથે વાત કરવામાં આવે છે. બિહારમાં વોટ શેર ૩ ટકા આગળ પાછળ થઈ શકે છે. જ્યારે ક્ષેત્રીય સ્તર ઉપર ૫ ટકા ફેરફાર થઈ શકે છે. એક્ઝિટ પોલના તારણો ખૂબ મહત્વના રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે બિહારમાં વિધાનસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કામાં શાંતિપૂર્ણ માહોલમાં ૫૯ ટકાથી મતદાન નોંધાયું હતું. આની સાથે જ બિહારમાં પાંચ તબક્કામાં યોજાયેલી ચુંટણી પ્રક્રિયા પુરી થઈ હતી. હવે ૮મી નવેમ્બરના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. આજે કેટલીક જગ્યાઓએ હિંસાની છુટીછવાઈ ઘટનાઓ બની હતી. અલીનગરમાં એનડીએના કાર્યકરો અને મહાગઠબંધનના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી.

તમામ જગ્યાએ પાંચમા તબક્કાના ઊંચા મતદાનના પરિણામ સ્વરૂપે રાજકીય પક્ષોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ છે. આજના મતદાનની સાથે જ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ૯ જિલ્લાની ૫૭ બેઠકો માટે જે મતદાન યોજાયું હતું. વાસ્તવિક ચિત્ર આઠમી નવેમ્બરના દિવસે રવિવારે જાહેર કરવામાં આવશે.

## તન-દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

Apo B નો રેશીયો એ LDL કૉલેસ્ટ્રોલ કરતા પણ વધારે ચોકસાઈથી નજીકના ભવિષ્યમાં હૃદય રોગની શક્યતાઓ સાથે સંકળાયેલ છે.

જેના પર પરીક્ષણ ચાલી રહ્યું ચે એવા Small dense LDL ના વધુ પ્રમાણથી CVD (કાર્ડીઓ વેસ્કયુલર ડીઝીઝ) ના જોખમની માત્રા વધી જાય છે. Apo lipoprotein E genothpe ટેસ્ટમાં Apo lipoprotein E3 એ નોર્મલ જીનોટાઈપ છે, જયારે E2 અને E4 પ્રકાર ખરાબ જીનોટાઈપ છે. જેનાથી રીસ્ક ફેકટર વધે છે. જે કોર્મશીયલી અવેલેબલ નથી.

બધુ નોર્મલ હોવા છતાં પણ હાર્ટ એટેક કેમ આવે છે ભાઈ?? શું હાર્ટ એટેક વારસાગત હોઈ શકે?? જવાબ દુઃખ સાથે હા પાડવી પડે છે. નવા સંશોધનમાં એવં તારણ નિકળ્યું છે. qP21 નામનો જીન્સ વારસાગત હાર્ટ એટેકનું કારણ છે. ગભરાશો નહી ભાઈ. વૈજ્ઞાનિકો એની પાછળ છે અને એને ડાઈલ્યુટ કરવા માટે ના પ્રયત્નો શરુ થઈ ગયા છે.

- એથેરોસ્કલેરોસીસ (નળીમાં ક્ષતો ક્ષાર) શું છે? જેમ સાદું ઉદાહરણ લઈએ કોઈ પણ પાઈપમાં કચરો અથવા ક્ષાર જમા થાય છે અને ગટર ચોકઅપ થઈ જાય છે. જેને કેમીકલ અથવા સળીયાથી દૂર કરી શકાય છે. પણ હૃદયને લોહી પહોંચાડતી નવી અથવા તો હૃદયમાંથી લોહી લઈ જતી નળીમાં રહેલો ક્ષાર કેવી રીતે ખબર પડે થાય શું ભાઈ? નળીના ચોકઅપના હિસાબે હૃદયને લોહી ઓછું મળે તેથી હૃદયને વધારે કામ કરવું પડે તેની હિસાબે હૃદયમાં એટેક આવવાની શક્યતા વધી જાય. તો તો તેના ક્ષાર ને જાણવા માટે શું કરવું? તો અમે તો એમ જ કહીએ ભાઈ કે વર્ષમાં એકવાર લીપીડ પ્રોફાઈલ ઊંડાણમાં (Extended Lipid Profile) ની તપાસ કરાવવી. જેમાં cholesterol, HDL cholesterol, Triglcride LDL , cholesterol, Ratio તથા અને Lipoprotein-A અને Apo Lipoprotein (Apo-A, અને Apo-B) ની ચકાસણી કરાવવી, તે તમારા Physician ને બતાવવું.

## યોજના લોન્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સોનામાં મૂડીરોકાણ કરવા માટે ભારતીયો માટે દિવાળી અને ધનતેરસને ખૂબ જ શુભ ગણવામાં આવે છે. મોદીએ એક કાર્યક્રમમાં સુવર્ણ મૌદ્રીકરણ યોજના, સાવરેન સુવર્ણ બોન્ડ યોજના અને અશોક ચક્રના સિમ્બોલ સાથે સોનાના સિક્કા તેમજ બુલિયન યોજનાઓ શરૂ કરી હતી. સુવર્ણ મૌદ્રીકરણ યોજના ૨૦૧૫ હેઠળ લોકો પોતાની પાસે પડેલા સોનાને જમા કરી શકશે. જેના ઉપર તેમને ૨.૫ ટકા વ્યાજ મળશે. જ્યારે સાવરેન સુવર્ણ બોન્ડ યોજના હેઠળ મૂડીરોકાણકારો માત્ર બોન્ડ પત્ર ખરીદી વાર્ષિક ૨.૭૫ ટકા વ્યાજ મેળવી શકશે. મોદીએ સોનાના સિક્કા અને એક બુલિયન જારી કરીને યોજનાને શરૂ કરી હતી. સોનાના સિક્કા ઉપર અશોકચક્ર રહેશે. જ્યારે બીજીબાજુ આ સિક્કા ઉપર મહાત્મા ગાંધીનું ચિત્ર રહેશે. દેશમાં આ પ્રકારની પ્રથમ યોજના છે. શરૂઆતમાં સિક્કા ૫ અને ૧૦ ગ્રામના વજનના રહેશે. ત્યારબાદ ૨૦ ગ્રામના બુલિયન એમએમટીસીની ૧૨૫ દુકાનો મારફતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, ભારત સોનાના સૌથી મોટા ખરીદાર તરીકે ચીનને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. આ વર્ષે દેશમાં હજુ સુધી ૫૬૨ ટન સોનાની ખરીદી કરવામાં આવી છે. જ્યારે ચીનમાં ૫૪૮ ટન સોનાની આયાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, જે દેશની પાસે ઘર અને પરિવાર તેમજ સંસ્થાઓમાં ૨૦,૦૦૦ ટન સોનું પડેલું છે આવા દેશમાં ગરીબ રહેવાનું કારણ હોઈ શકે નહીં. ભારત કેટલીક નવી પહેલ અને યોગ્ય નીતિઓ સાથે આગળ વધીને ગરીબ દેશ તરીકેની છાપને દૂર કરી શકે છે. ભારતમાં બચત અને મહિલાઓને સોનાની સાથે સશક્ત બનાવવાની પરંપરાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજનને અર્થશાસ્ત્ર અને ગૃહશાસ્ત્ર વચ્ચે અંતરને સમજવાની જરૂર છે. સોના સાથે જોડાયેલી આજની નવી યોજનાથી સોનાની ઉપલબ્ધતા વધશે અને તેની આયાત ઘટશે. ભારતમાં હાલમાં વાર્ષિક આશરે ૧ હજાર ટન સોનાની આયાત કરવામાં આવે છે. જેના કારણે વિદેશી હુંડિયામણ ખર્ચ થાય છે. મોદીએ કહ્યું હતું કે, ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કિમ હેઠળ ભારતીય નાગરીકોને મૂડી રોકાણ કરવાની તક મળશે. આ યોજના હેઠળ ૩૦ ગ્રામથી વધુ સોનું જમા કરાવી શકાશે. જમા કરવામાં આવેલા ગોલ્ડ ઉપર અઢી ટકા સુધી વ્યાજ મળશે. આ સ્કિમ હેઠળ ઘર અને બેંકના લોકરમાં મુકવામાં આવેલા સોના ઉપર વ્યાજ તરીકે સારી આવક થશે. સુવર્ણ બોન્ડ યોજના હેઠળ મૂડીરોકાણકારો બે ગ્રામથી લઈને મહત્તમ ૫૦૦ ગ્રામ સોના માટે બોન્ડ ખરીદી શકશે. પ્રથમ ચરણની સુવર્ણ બોન્ડ યોજના છે. મોડેના તબક્કામાં જાહેરનામું જાહેર કરાશે. આ બોન્ડની અવધિ ૮ વર્ષની રહેશે.

## રજિસ્ટ્રાર કચેરીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે પાવતીની માંગણી કરવામાં આવે તો ઓર્ડર નહીં આપવાનુ જણાંવી તમારો દસ્તાવેજ ડેપ્યુટી કલેકટર કચેરીમાં રીફર કરવામાં આવશે તેમ જણાંવી આડકતરી રીતે પક્ષકારો અને વકીલોને ધમકી આપવામાં આવે છે.એકબાજુ ભ્રષ્ટાચાર મુકત જમીન મહેસુલ કાયદાનો અમલ કરવામાં આવ્યો હોવાની વાતો થાય છે. ત્યારે તાત્રકાલિક ધોરણે આ મામલે યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય હોવાની લાગણી અને માંગણી કરવામાં આવી છે.

## અમર વારસો (૪ પાનાનું ચાલુ...)

ભારતના કલચુરિવંશના વિક્રમાદિત્ય (૪) વિક્રમાદિત્ય હેમુ.

વિક્રમાદિત્ય તો લોકકથામાં પણ નાયક બની ગયા. એ એની પ્રસિદ્ધિનો પુરાવો છે : (૧) વેતાળની પચ્ચી વાર્તાઓ 'આ પ્રશ્નકથાઓ છે. સમસ્યાઓને સાચી રીતે સમજવાની અને તેનો ઉકેલ લાવવાની રાજામાં નિપુર્ણતા છે. એની ખાતરી થાય છે.' (૨) 'સિંહાસનની બત્રીસ પૂતળીઓ'. આ પૂતળીઓ પ્રગટ થઈને રાજા ભોજને વિક્રમની કોઈને કોઈ પ્રસંગ કથા કહે છે. આમાંથી ઉદારતા, પરાક્રમ, દાનવૃત્તિ વગેરે રાજાના ગુણોનું કથન છે.

પ્રજાને પોતાના સંતાનોની જેમ રાખનારા, કલાઓને પ્રોત્સાહન આપનારા, બીજાનાં દુઃખે દુઃખી થનારા, સાહસ અને પરાક્રમ ધરાવતા આ યુગપ્રવર્તક સમ્રાટને ભાવાંજલિ.


KALPA-TARU®

## KALPATARU POWER TRANSMISSION LTD.

**REGISTERED OFFICE :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**CIN :** L40100GJ1981PLC004281, **Tel No:** +91 79 232 14000, **Fax Nos. :** +91 79 232 11966 / 71
**E Mail :** mktg@kalpatarupower.com

### UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER , 2015

(₹ in Lacs)

| Sr. No. | Particulars | For Quarter Ended | | | For Half Year Ended | | For Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-09-2015 (Unaudited) | 30-06-2015 (Unaudited) | 30-09-2014 (Unaudited) | 30-09-2015 (Unaudited) | 30-09-2014 (Unaudited) | 31-03-2015 (Audited) |
| | **PART-I STATEMENT OF FINANCIAL RESULTS** | | | | | | |
| 1 | **Income from Operations** | | | | | | |
| | (a) Net Sales/Income from Operations (Net of Excise duty) | 93,546 | 115,465 | 112,355 | 209,011 | 217,240 | 435,459 |
| | (b) Other Operating Income | 1,095 | 1,496 | 1,722 | 2,591 | 3,175 | 6,766 |
| | **Total Income from Operations (net)** | **94,641** | **116,961** | **114,077** | **211,602** | **220,415** | **442,225** |
| 2 | **Expenses** | | | | | | |
| | (a) Cost of materials consumed | 39,028 | 39,065 | 51,038 | 78,093 | 97,992 | 192,533 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | (441) | 4,356 | 1,595 | 3,915 | (1,061) | (3,881) |
| | (d) Erection & Sub-Contracting Expenses | 25,628 | 39,416 | 29,259 | 65,044 | 57,813 | 119,741 |
| | (e) Employee Benefits Expense | 7,500 | 7,827 | 7,783 | 15,327 | 15,201 | 31,359 |
| | (f) Depreciation & Amortisation Expense | 2,101 | 2,079 | 2,227 | 4,180 | 4,271 | 8,518 |
| | (g) Other Expenditure | 12,271 | 14,058 | 14,022 | 26,329 | 29,463 | 59,799 |
| | **Total Expenses :** | **86,087** | **106,801** | **105,924** | **192,888** | **203,679** | **408,069** |
| 3 | Profit/(Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 8,554 | 10,160 | 8,153 | 18,714 | 16,736 | 34,156 |
| 4 | Other Income | 1,351 | 1,339 | 1,957 | 2,690 | 3,013 | 5,223 |
| 5 | Profit/(Loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 9,905 | 11,499 | 10,110 | 21,404 | 19,749 | 39,379 |
| 6 | Finance Costs | 3,633 | 4,108 | 3,680 | 7,741 | 6,958 | 14,093 |
| 7 | Profit/(Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 6,272 | 7,391 | 6,430 | 13,663 | 12,791 | 25,286 |
| 8 | Exceptional Items | - | - | - | - | - | - |
| 9 | Profit/(Loss) from Ordinary Activities before Tax (7-8) | 6,272 | 7,391 | 6,430 | 13,663 | 12,791 | 25,286 |
| 10 | Tax Expense | 2,170 | 2,550 | 2,160 | 4,720 | 4,335 | 8,725 |
| 11 | Net Profit /(Loss) from Ordinary Activities after Tax (9-10) | 4,102 | 4,841 | 4,270 | 8,943 | 8,456 | 16,561 |
| 12 | Extraordinary Items (net of tax expense) | - | - | - | - | - | - |
| 13 | **Net Profit(+)/Loss(-) for the period (11-12)** | **4,102** | **4,841** | **4,270** | **8,943** | **8,456** | **16,561** |
| 14 | Paid Up Equity Share Capital (Face Value of ₹. 2 each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 15 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | | | | | | 203,980 |
| 16.i | Earnings Per Share (EPS) (₹.) (before extraordinary items) (not annualised) | | | | | | |
| | a) Basic | 2.67 | 3.15 | 2.78 | 5.83 | 5.51 | 10.79 |
| | b) Diluted | 2.67 | 3.15 | 2.78 | 5.83 | 5.51 | 10.79 |
| 16.ii | Earnings Per Share (EPS) (₹.) (after extraordinary items) (not annualised) | | | | | | |
| | a) Basic | 2.67 | 3.15 | 2.78 | 5.83 | 5.51 | 10.79 |
| | b) Diluted | 2.67 | 3.15 | 2.78 | 5.83 | 5.51 | 10.79 |
| 17 | Debt Equity Ratio | NA | NA | NA | 0.36 | 0.42 | 0.47 |
| 18 | Debt Service Coverage Ratio (DSCR) | NA | NA | NA | 2.30 | 1.69 | 1.71 |
| 19 | Interest Service Coverage Ratio (ISCR) | NA | NA | NA | 2.82 | 2.88 | 2.85 |
| | **PART-II SELECT INFORMATION FOR THE QUARTER AND HALF YEAR ENDED 30/09/2015** | | | | | | |
| A. | **PARTICULARS OF SHAREHOLDING** | | | | | | |
| 1 | Public Shareholding | | | | | | |
| | No. of Shares | 6,22,25,907 | 6,22,25,907 | 6,22,25,907 | 6,22,25,907 | 6,22,25,907 | 6,22,25,907 |
| | Percentage (%) of Shareholding | 40.55 | 40.55 | 40.55 | 40.55 | 40.55 | 40.55 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | | | |
| | a) Pledge/Encumbered | | | | | | |
| | No. of Shares | 1,71,24,601 | 1,89,24,601 | 2,80,24,601 | 1,71,24,601 | 2,80,24,601 | 2,07,24,601 |
| | - Percentage of Shares(as a % of the total Shareholding of promoter and promoter group) | 18.77 | 20.74 | 30.72 | 18.77 | 30.72 | 22.72 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 11.16 | 12.33 | 18.26 | 11.16 | 18.26 | 13.50 |
| | b) Non-encumbered | | | | | | |
| | No. of Shares | 7,41,10,062 | 7,23,10,062 | 6,32,10,062 | 7,41,10,062 | 6,32,10,062 | 7,05,10,062 |
| | - Percentage of Shares(as a % of the total Shareholding of promoter and promoter group) | 81.23 | 79.26 | 69.28 | 81.23 | 69.28 | 77.28 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 48.29 | 47.12 | 41.19 | 48.29 | 41.19 | 45.95 |

| | Particulars | 3 months ended 30/09/2015 |
|---|---|---|
| B | **INVESTOR COMPLAINTS** | |
| | Pending at the beginning of the quarter | Nil |
| | Received during the quarter | Nil |
| | Disposed of during the quarter | Nil |
| | Remaining unresolved at the end of the quarter | Nil |

### SEGMENT WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2015

| Sr. No. | Particulars | For Quarter Ended | | | For Half Year Ended | | For Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-09-2015 (Unaudited) | 30-06-2015 (Unaudited) | 30-09-2014 (Unaudited) | 30-09-2015 (Unaudited) | 30-09-2014 (Unaudited) | 31-03-2015 (Audited) |
| A | **Segment Revenue** | | | | | | |
| | a) Transmission & Distribution | 83,169 | 97,588 | 108,045 | 180,757 | 207,325 | 403,359 |
| | b) Infrastructure EPC | 9,785 | 17,730 | 4,402 | 27,515 | 10,066 | 31,864 |
| | c) Others | 1,687 | 1,643 | 1,630 | 3,330 | 3,024 | 7,002 |
| | **Total:** | **94,641** | **116,961** | **114,077** | **211,602** | **220,415** | **442,225** |
| | Less: Inter Segment Revenue | - | - | - | - | - | - |
| | **Net Sales / Income from Operations** | **94,641** | **116,961** | **114,077** | **211,602** | **220,415** | **442,225** |
| B | **Segment Results** [Profit (+) / Loss (-) before tax & Finance cost) | | | | | | |
| | a) Transmission & Distribution | 8,501 | 9,531 | 9,545 | 18,032 | 19,420 | 37,931 |
| | b) Infrastructure EPC | 129 | 505 | (1,238) | 634 | (2,592) | (4,666) |
| | c) Others | 14 | 209 | 111 | 223 | 192 | 1,380 |
| | **Total:** | **8,644** | **10,245** | **8,418** | **18,889** | **17,020** | **34,645** |
| | Less : Finance cost | 3,633 | 4,108 | 3,680 | 7,741 | 6,958 | 14,093 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,261 | 1,254 | 1,692 | 2,515 | 2,729 | 4,734 |
| | **Total Profit Before Tax:** | **6,272** | **7,391** | **6,430** | **13,663** | **12,791** | **25,286** |
| C | **Capital Employed** [Segment Assets - Segment Liabilities] | | | | | | |
| | a) Transmission & Distribution | 165,626 | 167,341 | 165,156 | 165,626 | 165,156 | 178,816 |
| | b) Infrastructure EPC | 38,339 | 37,002 | 34,454 | 38,339 | 34,454 | 35,660 |
| | c) Others | 4,860 | 5,840 | 5,095 | 4,860 | 5,095 | 4,902 |
| | d) Unallocable | 86,580 | 80,417 | 85,210 | 86,580 | 85,210 | 85,386 |
| | **Total:** | **295,405** | **290,600** | **289,915** | **295,405** | **289,915** | **304,764** |

### STATEMENT OF ASSETS AND LIABILITIES

(₹ In Lacs)

| Sr. No. | Particulars | As at 30-09-2015 (Unaudited) | As at 31-03-2015 (Audited) |
|---|---|---|---|
| A | **EQUITY AND LIABILITIES** | | |
| 1 | **Shareholders' Fund** | | |
| | (a) Share Capital | 3,069 | 3,069 |
| | (b) Reserve and Surplus | 214,138 | 204,009 |
| | (c) Money received against share warrants | - | - |
| | **Sub-total-Shareholders' funds** | **217,207** | **207,078** |
| 2 | **Share application money pending allotment** | - | - |
| 3 | **Non-Current Liabilities** | | |
| | (a) Long term borrowings | 29,409 | 29,432 |
| | (b) Deferred tax liabilities (net) | 225 | 536 |
| | (c) Other long term liabilities | 177 | 141 |
| | (d) Long term provisions | 10,252 | 9,784 |
| | **Sub-total-Non-current liabilities** | **40,063** | **39,893** |
| 4 | **Current Liabilities** | | |
| | (a) Short-term borrowings | 42,574 | 61,628 |
| | (b) Trade payables | 149,019 | 139,903 |
| | (c) Other current liabilities | 28,402 | 19,629 |
| | (d) Short-term provisions | 12,841 | 11,292 |
| | **Sub-total-Current liabilities** | **232,836** | **232,452** |
| | **TOTAL EQUITY AND LIABILITIES** | **490,106** | **479,423** |
| B | **ASSETS** | | |
| 1 | **Non-Current Assets** | | |
| | (a) Fixed Assets | 52,737 | 55,899 |
| | (b) Non-Current investments | 39,404 | 39,349 |
| | (c) Long term loans and advances | 56,639 | 55,578 |
| | (d) Other non-current assets | 8,015 | 8,690 |
| | **Sub-total-Non-Current assets** | **156,795** | **159,516** |
| 2 | **Current Assets** | | |
| | (a) Current investments | 44 | 44 |
| | (b) Inventories | 48,766 | 59,887 |
| | (c) Trade Receivables | 199,787 | 178,358 |
| | (d) Cash and cash equivalents | 5,845 | 7,526 |
| | (e) Short-term loans and advances | 26,763 | 32,451 |
| | (f) Other current assets | 52,106 | 41,641 |
| | **Sub-total-Current assets** | **333,311** | **319,907** |
| | **TOTAL ASSETS** | **490,106** | **479,423** |

**Notes:**
1 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 5th November,2015.
2 The Statutory Auditors of the Company have conducted a "limited review" of the above financial results.
3 Debt Equity Ratio = Loan Fund / Share Capital & Reserves (excluding revaluation reserve), DSCR = Earning before interest and tax / (Interest + Principal Repayment of long term debt during the year), ISCR = Earning before interest and tax / Interest Expenses.
4 The previous Period's/Year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

By Order of the Board of Directors
**For KALPATARU POWER TRANSMISSION LTD.**

Place : Mumbai
Dated : 5th November, 2015

**Manish Mohnot**
**Managing Director**
**DIN:01229696**

**Please visit our website: www.kalpatarupower.com**